# ડીસામાં હોળી-ધૂળેટી પર્વે ધાણી અને ખજૂરના ઢગ ખડકાયા

## બજારમાં ખરીદારોની ભરચક ભીડ : રંગોના પર્વને લઈ લોકોમાં ઉલ્લાસનો માહોલ

ડીસા, તા. ૪

હોળી ધુળેટીના પર્વને લઈ ડીસાની બજારમાં લોકોની ભરચક ભીડ જોવા મળી રહી છે. તો બીજી તરફ તહેવારોને લઈ ખજુર, હાયડા, પતાસા, પિચકારીઓ તેમજ રંગોના સ્ટોલ મંડાયા છે.

જિલ્લામાં હોળી ધુળેટી પર્વને લઈ આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે. આ પર્વ સાથે ભારતીય સંસ્કૃતિના સામાજીક રીત રિવાજો જોડાયેલા છે. નાના બાળકોના ઢુંઢના પ્રસંગો, સગાઈ ધરાવતા યુગલોના પરીવારજનો દ્વારા અરસપરસ કપડા મોકલાવવાની પ્રથા, નવ વધુના આણાનો પ્રસંગ વગેરે પરંપરાઓ હોળી-ધુળેટીના પર્વ સાથે જોડાયેલી છે. તેમાંય ધુળેટીનો દિવસ એટલે રંગોમાં રગદોળાવાનો અનોખો અવસર. નિર્દોષ આનંદ લૂંટવા માટે સૌ કોઈ મેદાનમાં આવી જાય છે. ડીસા શહેરમાં હોળી-ધુળેટીના તહેવારોની ખરીદી માટે લોકોની ભીડ ઉમટી રહી છે. સવારે ૧૦.૦૦ વાગ્યાથી ૪.૦૦ વાગ્યા સુધી માનવવસ્તીને લઈ બજારમાં ભારે ગીર્દીનો માહોલ જોવા મળે છે. હાયડા, ખૂજર, ધાણી વગેરેના સ્ટોલ ખડકાઈ ગયા છે. લોકો ધાણી, ખજૂર અને હાયડાની ધુમ ખરીદી કરે છે. બજારમાં નાની ધાણી એટલે કે જુવારની ધાણીનો ભાવ કિલોના રૂ. ૫૦ અને મકાઈની ધાણીનો ભાવ રૂ. ૮૦ ચાલે છે. જ્યારે ખજૂર રૂ. ૧૦૦થી ૨૦૦માં વેચાઈ રહી છે. જેમાં દાણા વગરની ખજૂરના ભાવ રૂ. ૩૦૦થી ૪૦૦ ચાલી રહ્યા છે. જ્યારે આ વખતે પણ બજારમાં અવનવી પિચકારીઓના ઢગ ખડકાયા છે જેની પણ ધૂમ ખરીદી થઈ રહી છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# મોડાસાના નાંદીસણ પાટીયા પાસે ટ્રકે મારૂતિકારને અડફેટે લેતાં ૬ ઘાયલ

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લાના હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા નાંદીસણ પાટીયા પાસે અમદાવાદના નરોડામાં રહેતા પંચાલ પરિવારની અલ્ટોકારને આયશર ટ્રકના ચાલકે ગફલતભરી રીતે હંકારી અડફેટ લઈ અકસ્માત સર્જ્યો હતો. જેમાં કારમાં મુસાફરી કરી રહેલા ૬ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

મોડાસા તાલુકાના જીવણપુર નજીક આવેલા નાંદીસણ પાટીયા નજીક આજે બપોરે અમદાવાદના નરોડામાં રહેતા પંચાલ પરીવારની મારૂતિ અલ્ટો કારને ટક્કર મારતાં મારૂતિકારમાં સવાર ૬ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. નરોડામાં રહેતા મોહનભાઈ દલસુખભાઈ પંચાલ અને તેમનો પરિવાર હોળીના ત્યોહાર આવતો હોવાથી શામળાજી મંદિરમાં શામળીયા ભગવાનના દર્શન કરી અમદાવાદ પરત ફરી રહ્યા હતા ત્યારે શામળાજી હિંમતનગર હાઈવે નં. ૮ પર આવેલા નાંદિસણ પાટીયા નજીકના વળાંકમાં ભિલોડાના બેબાર ગામ તરફથી હાઈવે પર ચડવા જતા આયશર ટ્રકના ચાલકે ગફલતભરી અને પુરઝડપે આયશર ટ્રક અથડાવી અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતના પગલે આજુબાજુના રહીશોએ દોડી આવી કારમાં સવાર મોહનભાઈ દલસુખભાઈ પંચાલ, ભરતભાઈ દલસુખભાઈ પંચાલ, પારૂલબેન પરેશભાઈ ત્રિવેદી, સુઝલ ભરતભાઈ પંચાલ, શોભનાબેન ભરતભાઈ પંચાલ, ગીતાબેન મોહનભાઈ પંચાલ, તમામ રહે. નરોડા, અમદાવાદને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક ૧૦૮ દ્વારા શામળાજી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ગંભીર રીતે ઘાયલ ઈજાગ્રસ્તોને શામળાજી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે હિંમતનગરની સરકારી હોસ્પિટલમાંખસેડાયા હતા.

# સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લામાં ધાણી અને ખજુરની વહેંચણી બાદ ધુળેટીની રમઝટ જામશે


તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

ભિલોડા, તા.૪

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા હોળી-ધુળેટીના તહેવારને ધામધુમ પુર્વક ઉજવણી યોજાશે. ગોળ, ધાણી અને ખજુરની વહેંચણી બાદ રંગ પર્વ ધુળેટીની રમઝટ જામશે.

અગાઉથી જ પ્રજાજનોએ એક બીજાને રંગોથી રંગવા માટે રંગોની ખરીદી કરી લેતાં તમામ વિસ્તારોમાં ધુળેટીનો રંગ ગુટાતો જોવા મળશે. હોળી-ધુળેટીના તહેવાર નિમિત્તે પ્રજાજનોને આનંદ,ઉત્સાહ જોવા મળી રહ્યો છે. હોળીના દિવસે સામાજીક અને ધાર્મિક રીતીરીવાજો મુજબ હોળીના દિવસે જન્મેલ બાળકને ઢુંઢાળવાની ધાર્મિક વિધિના કાર્યક્રમો ઠેર-ઠેર યોજાશે. બાળકને બાજોટ પર તેની ફોઈ ખોળામાં બેસાડી નાના-નાના પાંચ બાળકો હાથમાં નાનકડી લાકડાની બનાવેલ તલવાર જમણા હાથે નાડાછડી, લલાટમાં કુંમકુંમ તીલક કરી માથે લાલ-કેસરી રંગનો ફેટો પહેરી હાથમાં તાંબાના કળશમાં પાણી લઈ બાજોટ પર બેસાડી બાળકની પ્રદક્ષીણા કરતા જાય અને આબાનો મોર બાળકને મોર પીવડાવવામાં આવે છે.

આબાનો મોર પીવડાવવાની રીત-રસમ અપનાવવામાં આવે છે. કળશમાં વધેલું પાણી બાળકની માતા ઉપર રેડી ગોળ, ધાણી, ખજુર વહેંચી ધુળેટીની રમઝટ શરૂ થાય છે. નવી નવતરે બાળકની પહેલી હોળી ઉપર ઢુંઢ કરવાની વર્ષો જુની પરંપરા આજે પણ અંકબધ્ધ છે. રંગબેરંગી રંગોનું પર્વ હોળી-ધુળેટી તહેવાર નિમિત્તે અત્ર-તત્ર-સર્વત્ર પ્રજાજનો રંગાઈ જવાના મુડમાં હોય છે. ૨૧મી સદીના હાઈટેક યુગમાં પર્વનું મહત્વ આજે પણ ગ્રામ્યવિસ્તારમાં અંકબધ્ધ જોવા મળે છે. દિન-પ્રતિદિન ઢુંઢ વિધિનું હવે મહત્વ વધી રહ્યું છે. સાથે-સાથે પ્રજાજનો અવનવી રીતરસમો ઢુંઢ વિધિમાં અપનાવી રહ્યા છે. જેના ઘરે નવીન અવતરે જન્મેલ બાળકને ઢુંઢાળવાની વિધિમાં આનંદ-ઉત્સાહ જોવા મળતો હોય છે.બાળકને આંબાના મોરનું પાણી પીવડાવવામાં આવે છે.

## વાઘેશ્વરી ગ્રૃપ માધ્યમિક શાળામાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

ભિલોડા,તા.૪

ભિલોડા તાલુકાના વાઘેશ્વરી શ્રી એકલવ્ય કેળવણી મંડળ સંચાલિત વાઘેશ્વરી ગ્રૃપ માધ્યમિક શાળામાં ધોરણ.૧૦ના વિદ્યાર્થીઓ અને ક્લાર્ક કાન્તીભાઈ એન.સુથારનો વિદાય સમારંભ યોજાયો. આ પ્રસંગે સમારંભ અધ્યક્ષ વિષ્ણુંકુવરબા લાલસિંહ ચૌહાણ અરવલ્લી જીલ્લા પંચાયત શિક્ષણ સમિતી ચેરમેન, ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ અમરતલાલ બરંડા, ડાૅ.એલ.જે. કટારા, ડાૅ.મનિષભાઈ સુવેરા, બાબુભાઈ ખરાડી, ચંદુભાઈ કટારા, ભુરજીભાઈ તબીયાડ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. વાઘેશ્વરી ગ્રૃપ માધ્યમિક શાળાના ધોરણ.૧૦ ના વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. વાઘેશ્વરી ગ્રૃપ માધ્યમિક શાળા ક્લાર્ક કાન્તીભાઈ એન. સુથારને અગ્રણીઓ અને શાળા પરીવાર ધ્વારા શાલ ઓઢાડી સન્માન કરી મોમેન્ટો આપી વિદાય આપવામાં આવી હતી. આ પ્રસંગે વાઘેશ્વરી ગ્રૃપ માધ્યમિક શાળાનો સ્ટાફ પરીવાર અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી કલેક્ટર દ્વારા ખેતીવાડી વિભાગને માવઠાથી થયેલા ખેડૂતોના નુકશાન અંગે સર્વે કરવા સૂચના

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લામાં રવિવારે વહેલી સવારે થયેલા ધોધમાર વરસાદ અને પવન ફૂકાવાના કારણે ઘઉં, બટાકા, વરિયાળી, તડબુચ, ટેટી સહિતના પાકને વ્યાપક નુકશાન સાથે કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને અરવલ્લી જિલ્લાના ભૂમિપૂત્રોની હાલત ખરાબ થઈ ગઈ હોવાથી અરવલ્લી જિલ્લાના નવનિયુક્ત કલેકટર છાડકુવાકે ખેતીવાડી વિભાગને નુકશાની અંગે સર્વે કરવા જણાવતા ખેડૂતોને સરકાર દ્વારા સહાય ચુકવવામાં આવશે તેવી આશા બંધાઈ છે.

અરવલ્લી જિલ્લામાં રવિવારે થયેલા માવઠાના કારણે અરવલ્લી જિલ્લાના ભૂમિપુત્રોએ રવિ સીઝનમાં પકવેલા પાકને નુકશાન થયું છે. ખેડૂતોએ મોંઘાદાટ બિયારણ અને કિટનાશક દવાઓના કરેલા જંગી ખર્ચના કારણે રવિસીઝનમાં પાક લેવાના સમયે થયેલા માવઠાએ ખેડૂતોની કમર તોડી નાકી છે. રવિવારે અરવલ્લી જિલ્લા કલેક્ટરે ચાર્જ સંભાળતાની સાથે જ ખેડૂતોને થયેલા નુકસાન અંગે તાત્કાલિક ખેતીવાડી વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજી જિલ્લા ખેતીવાડી અધિકારીને સર્વે કરવા સૂચના આપવામાં આવી હતી. સર્વે કામગીરીનો રિપોર્ટ આવ્યા બાદ ભૂમિપુત્રોને થયેલા નુકશાન અંગેનો રિપોર્ટ રાજ્ય સરકારને મોકલવામાં આવશે. ખેતીવાડી વિભાગના જણાવ્યા મુજબ રવિ સિઝનમાં ખેડૂતોએ ૭૨,૦૩૭ હેક્ટરમાં પાકનું વાવેતર કરવામાં આવ્યું છે. જેમાં ખેડૂતોએ મુખ્યત્વે ઘઉં અને બટાકાનુ વાવેતર ૭૭૨૦૦ હેક્ટર જેટલી જમીનમાં કરવામાં આવ્યું છે. જેમાં કમોસમી વરસાદથી ખેતીપાકને ખુબ જ મોટુ નુકશાન થયુ હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. મોસમી વરસાદથી મોડાસા-ધનસુરા તાલુકાના ખેડૂતોને થયેલા નુકશાન અંગે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવી છે અને ખેડૂતોને થયેલા રવિસીઝનના નુકશાન ભરપાઈ કરવા અંગે યોગ્ય રકમની સહાય જાહેર કરવા અપીલ કરાઈ હતી.

ખેડૂતપૂત્રના જણાવ્યા અનુસાર છેલ્લા બે વર્ષથી રવિસીઝનમાં માવઠાના કારણે ખુબ જ નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. અત્યારે તો ખેડૂતોએ નિસહાય હાલતમાં કુદરતના પ્રકોપ સામે લાચાર બનીને જોઈ રહેવાનો વારો આવ્યો છે. બટાકાનું વાવેતર કરનાર ખેડૂતપુત્રોનો ખેતરોમાં તો વરસાદના કારણે બટાકા જમીનની બહાર આવી જતા ખુબ જ નુકશાની સહન કરવી પડી છે.




(તસવીર : જય અમીન, મોડાસા)

## મોડાસાની સરસ્વતી વિદ્યાલયમાં વાર્ષિકોત્સવની ઉજવણી કરાઈ

મોડાસા શહેરમાં વિશાળ સંકુલ ધરાવતી સરસ્વતિ વિદ્યાલયમાં આજે વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંકુલના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક પ્રોગ્રામ અને નાટય પ્રદર્શીત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને મોડાસા ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર અને જાણીતા ઉદ્યોગપતિ મહાસુખભાઈ પટેલ તથા સમારંભના પ્રમુખ છગનભાઈ હિરાભાઈ પટેલ જેવા મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટય કરી આ કાર્યક્રમને ખુલ્લો મુકાયો હતો. સરસ્વતિ વિદ્યાલયમાં છેલ્લા ૨૫ વર્ષથી શિક્ષક તરીકે સેવા આપી વયનિવૃત્ત થતા મગનભાઈ વણકરને સરસ્વતિ વિદ્યાલયમાં આપેલી ઉત્કૃષ્ટ સેવાઓ બદલ સન્માનવામાં આવ્યા હતા. ધોરણ-૧૦ થી ૧૨ના વિદ્યાર્થીઓને વિદાય આપવામાં આવી હતી. તેમજ પ્રથમ ત્રણ અભ્યાસમાં અગ્રેસર રહેલા વિદ્યાર્થીને સન્માનવામાં આવ્યા હતા. સરસ્વતિ વિદ્યાલયમાં ઉજવાયેલા સાંસ્કૃતિક પ્રોગ્રામોની મંચસ્થ મહેમાનોએ સરાહના કરી હતી. આ વાર્ષિકોત્સવમાં સંસ્થાના અગ્રણીઓ, શિક્ષક ગણ, વાલીઓ તેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. મોડાસા સરસ્વતિ વિદ્યાલયનો વાર્ષિકોત્સવ અને સન્માન સમારોહ અને વિદાય સમારંભને સફળ બનાવવા સરસ્વતિ વિદ્યાલયના પ્રિન્સીપાલ અને જાણીતા તજજ્ઞ એવા જીજ્ઞેશભાઈ સુથાર અને વિનોદભાઈ પટેલ તથા સમગ્ર સંકુલના સ્ટાફ પરિવારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં હાજર રહેલા વિદ્યાર્થીઓના વાલીગણે સરસ્વતી સંકુલ દ્વારા ઉજવવામાં આવેલા વાર્ષિકોત્સવ અને વિદ્યાર્થીઓમાં સિંચન કરવામાં આવતા સંસ્કાર અને અભ્યાસ અર્થે કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓની સરાહના કરી હતી.

## અરવલ્લીમાં દારૂના અડ્ડા બંધ કરાવવા કલેક્ટરને આવેદનપત્ર અપાયુ

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લામાં દેશી વિદેશી દારૂના ધંધાઓ જાણે કે ઉદ્યોગરૂપે ધમધમતા હોય તેવી સ્થિતિ હાલ ઉભી થઈ છે ત્યારે આ ધમધમતા દારૂના ધંધાઓ બંધ કરાવવા રાજપુર ગામના ગ્રામજનોએ સામુહિક રીતે જિલ્લા કલેક્ટરને લેખિત આવેદનપત્ર આપી કાર્યવાહી કરવા અનુરોધ કર્યો હતો. અરવલ્લી જિલ્લાના બાયડ ધનસુરા સહિતના કેટલાક તાલુકામાં ઠેર ઠેર દેશી-વિદેશી દારૂના ધંધાઓ બેરોકટોકપણે ફુલી ફાલી રહ્યા છે. જેના લીધે યુવાધન બરબાદ થઈ રહ્યો છે અને બિમારીમાં સપડાતા મોતને ભેટી રહ્યા છે. આથી આ વકરેલી બદીને ડામવા માટે ધનસુરા તાલુકાના રાજપુર ગામના સરપંચ સહિત ગ્રામજનોએ જિલ્લા કલેકટરને લેખિતમાં આવેદનપત્ર આપ્યુ હતુ. અને આગામી ૨૮મી માર્ચ સુધીમાં આ મામલે કાર્યવાહી કરવા માંગ કરી છે અને કાર્યવાહી નહી થાય તો સરપંચે અનિશ્ચિત મુદત સુધી ઉપવાસ પર બેસવાની ચીમકી ઉચ્ચારી હતી.


# સાબરકાંઠામાં કમોસમી વરસાદથી કિસાનોએ કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ

સાબરકાંઠા, તા. ૪

ભારતીય કિસાન સંઘ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા કારોબારીની બેઠક આજે હિંમતનગર ખાતે યોજાઈ હતી. જેમાં સંગઠન દ્વારા વર્તમાનમાં ચાલતા સંસ્થાના મુખ્ય કાર્યક્રમ, ગ્રામ સમિતિ અને સ્વચ્છતા અભિયાનની સમીક્ષા કરવામાં આવી હતી અને આગામી તા. ૧૫મી માર્ચ-૨૦૧૫ સુધી તમામ તાલુકા દ્વારા જિલ્લામાં અભિયાન પૂર્ણ કરીને જિલ્લામાં ત્રણેક લાખ સદસ્યો પૂર્ણ કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે.

આગામી ૪થી માર્ચ, ૨૦૧૫ના રોજ સ્થાપના દિન તથા ૧૯મી માર્ચ-૨૦૧૫ કિસાન બલિદાન દિવસ બન્ને કાર્યક્રમોની ઉજવણી કરવાની યોજના બનાવવામાં આવી હતી. સાથે સાથે 'કિસાન સંદેશ' સાપ્તાહિકના તમામ તાલુકામાં ૧૦૦ લવાજમ નોંદવાનું અભિયાન ચલાવાશે.

વર્તમાનમાં ભગવાન ભરોસે ખેતી કરતા કિસાનોને આસમાની સુલતાની આફત વચ્ચે રોવાનો વારો આવ્યો છે. એક તરફ કપાસ, દિવેલા, ઘઉ વિગેરેના ભાવો દબાયેલા રહ્યાની સાથે બટાકાના ઉત્પાદન સામે ભાવો ખુબજ નીચા રહેતા અને બટાટા કોલ્ડ સ્ટોરેજ એસોસીએશનની પણ નીતિ સામે સર્વત્ર કિસાનોનો રોષ પ્રગટી રહ્યો છે કેમ કે લાખો રૂપિયાની સહાય કિસાનોને મદદરૂપ થવા માટે સરકારશ્રીમાંથી લઈને કોલ્ડ સ્ટોરેજ બનાવતાં સ્ટોરેજ ધારકો માહિતી અનુસાર કંપનીઓને ચલાવવા કે આખાને આખા સોંપી દીધા હોવાથી અને વેપારીઓ રીંગ કરીને ખરીદી પર બ્રેક મારી બટાકા ઉત્પાદક કિસાનોની મુશ્કેલીમાં વધુ મુકી દીધા છે અને કુદરત પણ રૂઠી હોય તેમ છેલ્લા સમયે અચાનક આવેલા માવઠા અને કમોસમી વરસાદે કિસાનોની હાલત કફોડી બની છે. ત્યારે નિરાધાર કિસાનોની સમસ્યાઓ અંગે આજરોજ ભારતીય કિસાન સંઘ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના પ્રતિનિધિઓ દ્વારા જિલ્લા કારોબારીની બેઠકમાં ચર્ચાવિચારણા કરી ચર્ચાવિચારણાના અંતે તત્કાલ સરકારને દરમ્યાનગીરી કરી પગલા ભરવા અને મદદરૂપ થવા જિલ્લા કલેકટર સાહેબશ્રીને આવેદનપત્ર આપવામાં આવેલ છે. જેમાં હાલમાં થયેલા કમોસમી વરસાદ અંગે તત્કાલ સર્વે કરી નુકશાની અંગે વળતર ચુકવવા કાર્યવાહી કરવી.



બટાટા કોલ્ડ સ્ટોરેઝ એસોસીએશન દ્વારા અપનાવાયેલ ખેડૂત વિરોધીનીતિ અંગે દરમ્યાનગીરી કરવા ઘઉં ખરીદ ટેકાના ભાવથી નીચે થતાં ખરીદ કેન્દ્રો ખોલવા તજવીજ કરવા સહિતના મુદ્દાઓને લઈને આવેદનપત્ર પાઠવવામાં આવેલ છે. બેઠકમાં પ્રદેશ ઉપાધ્યક્ષ શામળભાઈ પટેલ, પ્રદેશ સહમહામંત્રી બી.કે. પટેલ, જિલ્લા પ્રમુખ અમરતભાઈ પટેલ, મંત્રી જીવાભાઈ લટ્ટા વિગેરે તમામ તાલુકાના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦